# ચેઈન સ્નેચર્સ હવે, ઘર સુધી પહોંચી ગયા...!

## સે. ૧૨માં ઘરની બારીમાં હાથ નાંખીને મહિલાના ગળામાંથી બે તોલાનો દોરો આંચકીને બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સે હવે નગરજનોના નાકે દમ લાવી દીધો છે. ને પોલીસ હજુ બાઈક ડીટેઈન કામગીરીમાં ચેઈન સ્નેચર્સ શોધવા મથી છે. શહેરના રસ્તાઓ પર ચાલતી જતી મહિલાને નિશાન બનાવી બાઈક પર આવતા ચેઈન સ્નેચર્સે રીતસરનો આતંક ફેલાવી દીધા બાદ હવે જાણે પોલીસનો ડર રહ્યો જ ન હોય અથવા પોલીસ તેમને પકડી જ નહી શકે તે નિશ્ચિત હોય તેમ આ શખ્સો ઘર સુધી હિંમત કરીને પહોંચી ગયા છે. સે. ૧૨ માં બારીમાં હાથ નાંખીને એક મહિલાના ગળામાંથી ગઈ કાલે બે ચેઈન સ્નેચર્સ બે તોલાનો સોનાનો દોરો આંચકી રફુચક્કર થઈ ગયાની ઘટના બનવા પામી છે. સે. ૭ પોલીસે મહિલાના પતિની ફરીયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૨-બી પ્લોટ નં. ૪૯૧/૨ ખાતે રહેતા નિર્મલાબેન પિયુષભાઈ ક્રિશ્ચિયન ગઈકાલે તેમના ઘરે બારીના કાચ સાફસુફ કરી રહ્યા હતા તે દરમ્યાન બે યુવાન શખ્સો ચાલતા-ચાલતા બારી સુધી આવ્યા અને બારીમાંથી હાથ નાંખીને નિર્મળાબેનના ગળામાં પહેરેલો બે તોલાનો સોનાનો દોરો ખેંચીને ભાગ્યા હતા. નિર્મલાબેને બુમાબુમ કરી પરંતુ આસપાસના લોકો ભેગા થાય ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર્સ રફુચક્કર થઈ ગયા હતા. આ બનાવ અંગે તેમના પતિ પિયુષભાઈ થોમસભાઈ ક્રિશ્ચિયનની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

## સે. ૩૦માં રહેતા પરિણિત યુવાને ગળેફાંસો ખાઈ લીધો

### કોઈ કારણોસર પોતાના ઘરે પંખે લટકી જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ ખાતે રહેતા પરિણિત યુવાને આજે સવારે ઘરે કોઈ ન હતુ ત્યારે કોઈ અગમ્ય કારણોસર પંખે લટકી જઈ ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૩૦ ખાતે જ-ટાઈપ બ્લોક નં. ૧૫૦/૧માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતાં ૨૮ વર્ષીય યુવાન સુરેન્દ્રસિંહ શામળસિંહ વાઘેલાના ત્રણ વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. દોઢ વર્ષનું સંતાન પણ છે. તેમની પત્નિ પિયર ગઈ હતી અને આજે સવારે તે ઘરે એકલા હતા તે દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર પંખે લટકી જઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ પોલીસને થતા સે. ૨૧ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાત કરવા પાછળનું રહસ્ય બહાર લાવવા તપાસનો દોર શરૂ કર્યો છે.

## મુકિતધામ સેકટર-૩૦માં ભગવાનની મૂર્તિઓ ખંડીત થઈ, નવી મૂકવા અપીલ કરાઈ

### જુસીકાએ સમાજના અગ્રણીઓને મૂર્તિઓ નવી બનાવી આપવા માટે અપીલ કરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સેકટર-૩૦ મુકિતધામમાં મુકવામાં આવેલી દેવી દેવતાઓની મૂર્તિઓ ખંડીત થઈ તૂટી જવા પામી છે. ત્યારે જુસીકા દ્વારા નગરજનોને મૂર્તિઓ નવી મૂકવામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

ગુજરાત રાજયમાં જોવા લાયક મુકિતધામ તરીકે સૌ પ્રથમ જામનગરનું મુકિતધામ હતું. અહીયા અલગ અલગ દેવી દેવતાઓની મૂર્તિઓ વિશાળ મોટી બનાવી પ્રસ્થાપિત કરવામાં આવી હતી. મુકિતધામનું અનુકરણ રાજયના અનેક શહેરોમાં કરવામાં આવ્યું છે. તેમાં ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર સે-૩૦માં આવેલ મુક્તિધામનું છ વર્ષ અગાઉ નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ મુકિતધામમાં ભગવાન શ્રી કૃષ્ણ-રાધા, શિવજી, સહિતના દેવી દેવતાઓની મૂર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે આ મૂર્તિઓ ખૂબ જ કલાત્મક છે પરંતુ આ મૂર્તિઓ છેલ્લા થોડાક સમયથી ખંડિત થઈ તૂટી જવા પામી છે જે ખરેખર દુઃખદ બાબત છે.

ગાંધીનગરની જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગરમાં રહેતા અલગ અલગ



સમાજના અગ્રણીઓને જણાવવામાં આવ્યું છે કે તેમના ઈષ્ટદેવ, કુળદેવતા, મહાન સંતોની આરસની મૂર્તિઓ બનાવી આપી મુકિતધામને ફરીથી સુંદર બનાવવા માટે અપીલ કરવામાં આવી છે.



સેકટર-૨૯ જલારામ ધામ ખાતે દરિયાલાલ જયંતિ મનાવવામાં આવી હતી. આ પ્રસંગે દરિયાલાલ દાદાની પૂજનવિધિ, હવન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. (દિલીપ પ્રજાપતિ)

## ઝેરી દવા ગટગટાવી જનાર પરિણીતાનું સારવારમાં મૃત્યુ

### પેથાપુરની પરિણીતા ચાર દિવસથી આઈ.સી.યુ.માં દાખલ હતી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતાએ પોતાના ઘરે ચાર દિવસ અગાઉ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવી હતી. પરિણીતાનું આજે સવારે હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પેથાપુર ખાતે રહેતી ૨૩ વર્ષની પરિણીત યુવતી દિપીકા વિષ્ણુજી વાઘેલાએ ૨૯ માર્ચે પોતાના ઘરે જ કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને જાણ થતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે તેણીને લઈ જવાઈ હતી. ચાર દિવસથી આઈ.સી.યુ. વોર્ડમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી પરિણીત યુવતી દિપીકાનું આજે સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. પેથાપુર પોલીસે ગુનો નોંધીને આપઘાતનું કારણ બહાર લાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદ-પશ્ચિમ સંસદીય બેઠક ઉમેદવારીપત્રો કલેક્ટર કચેરી પર સ્વીકાર થશે

૮-અમદાવાદ-પશ્ચિમ સંસદીય મતદાર વિભાગમાંથી લોકસભાના સભ્યની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો, ચૂંટણી અધિકારી તરીકે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદની કચેરી, પહેલો માળ, જિલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૪૪-એલિસબ્રીજ વિધાનસભા મત વિભાગ અને સીટી ડેપ્યુટી કલેક્ટર, (પશ્ચિમ), ૧લો માળ, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અમદાવાદ, જિલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ ખાતે તા. ૨-૪-૧૪ થી તા. ૯-૪-૧૪ સુધી કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી બપોરના ૩:૦૦ કલાક સુધી ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૧૦-૪-૧૪ને ગુરૂવારના રોજ હાથ ધરાશે, જ્યારે ૧૨-૪-૧૪ને શનિવારના રોજ બપોરના ૩:૦૦ સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે.

## રાજય સરકારે કરેલા વિકાસની ગાથા રજુ કરતી વિજય વિકાસ યાત્રાનો શુભારંભ

ગાંધીનગર, તા.૧

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો કમર કસવા લાગ્યા છે ત્યારે ગાંધીનગર મહાનગર દ્વારા વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિકાસ યાત્રા ત્રણ દિવસ શહેર ઉપરાંત ગામડામાં ફરી વિકાસની વાત કરશે.



ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવવા માટે ગાંધીનગર મહાનગર દ્વારા ત્રણ દિવસ વિજય વિકાસ યાત્રા કાઢવામાં આવશે. વિકાસયાત્રાની શરૂઆત પ્રથમ દિવસે સેકટર-૧ ગાયત્રી મંદિરથી શુભારંભ કરવામાં આવ્યો હતો અને સે-૧૭ હનુમાનજી મંદિર ખાતે પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

વિકાસ યાત્રા આજ રોજ બુધવારે સવારે ૮ વાગ્યાથી વાવોલ મહાકાળી મંદિરથી પ્રારંભ થશે. જેમાં આદરજ મોટી, જલુંદ, કોલવડા, સોનીપુર, સરઢવ, રૂપાલ ખાતે બપોરે વિશ્રામ કરશે. ત્યારબાદ રાંધેજા, વાસણ, ઉનાવા, પિંપળજ, પિંડાયડા અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં ફરી પૂર્ણાહુતી કરશે.

તેમજ તા. ૩ એપ્રિલના રોજ સવારે ધોળાકુવા, ઈન્દ્રોડા, બોરીજ, બાસણ, પાલજ, જીઈબી ખાતે ફરી પૂર્ણાહુતિ કરવામાં આવશે. યાત્રામાં ભાજપ સરદાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોની ગાથા રજુ કરવામાં આવશે. આ વિસ્તારમાં જનલોકસંપર્ક કરવામાં આવશે.

યાત્રામાં ભાજપ મહાનગર પ્રમુખ નિતીન પટેલ, ઉત્તર વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ વાડીભાઈ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાશે.



## હાશ... અંહીં નિરાંતની નિરાંત અને ઠંડકની ઠંડક

ધીમે ધીમે ગરમીનો પારો ઉંચો લઈ જઈને ઉનાળો તેની પક્કડ જમાવી રહ્યો છે. વગડે રખડીને સૂકો ઘાસચારો ખાઈને બપોરે તરસ છીપાવવા તળાવે ગયેલી ભેંસોને તળાવ એટલું ગમી ગયું છે કે તેમણે તળાવની અંદર જ અડિંગો જમાવી દીધો. ગત વર્ષે ભરપુર વરસેલા ચોમાસાના પ્રતાપે ચિલોડાનું આ વિશાળ તળાવ હજુ પણ ભરેલુ છે. જે ઉનાળાના બળબળતા બપોરના અબોલ પશુઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. જેથી આ વિસ્તારના પશુપાલકો અને માલધારીઓમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે. માણસ તો ઈલેક્ટ્રીક ઉપકરણો, એરકન્ડીશનર, પંખા અને ફ્રિજ વડે રાહત મેળવી શકે છે પરંતુ આ મુંગા જીવો માટે તો ગરમીથી બચવા આ તળાવ જ એકમાત્ર આધાર બન્યું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## અમદાવાદ પૂર્વ સંસદીય બેઠક ઉમેદવારી પત્રો જિલ્લા પંચાયત પર સ્વીકારાશે

અમદાવાદ, તા.૦૧

૭-અમદાવાદ-પૂર્વ સંસદીય મતદાર વિભાગમાંથી લોકસભાના સભ્યની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત ભવન, પ્રથમ માળ, લાલ દરવાજા, અમદાવાદ તથા મદદનીશ ચૂંટણી અધિકારી ૪૯-બાપુનગર વિધાનસભા મત વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) જિલ્લા પંચાયત કચેરી, પ્રથમ માળ, લાલદરવાજા, અમદાવાદ ખાતે ૨-૪-૧૪ થી તા. ૯-૪-૧૪ સુધી કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી બપોરના ૩:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૧૦-૪-૧૪ને ગુરૂવારના રોજ હાથ ધરાશે. જ્યારે તા. ૧૨-૪-૧૪ને શનિવારના રોજ બપોરના ૩:૦૦ કલાક સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે, ત્યારે તા. ૩૦-૪-૧૪ના રોજ મતદાન થશે, તેમ ચૂંટણી અધિકારી, ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મત વિભાગ અને જિલ્લા અધિકારી, રવિશંકરની એક યાદીમાં જણાવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૩

સૂર્યાસ્ત : ૬.૫૩

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :

ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫

ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫

: સ્ક્રીન-૩ :

રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦

ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦

: સ્ક્રીન-૪ :

ઢીશ્કીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :

ઢીશ્કીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫

રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ડીશ્કીયૂન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

યોન્ગીસતાન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :

ઓ-તેરી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

યોન્ગીસતાન : ૧.૦૦

રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : ભાગીદારી સંબંધી વિવાદમાં ઉતાવળમાં નિર્ણય ન લેવો. ગૂઢ સંશોધન કરનારા લોકો માટે શુભ સમય, અપરણિતો માટે યોગ્ય જીવનસાથી પસંગદગી થશે. કુટુંબમાં કોઈ મંગળ કાર્ય થશે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાય કે રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવનાઓ છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**મિથુન** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબમાં સામંજસ્ય બન્યું રહેશે.

**કર્ક** : કલાત્મક કર્મક્ષેત્રની મુશ્કેલીઓનો ઉકેલ કરવા માટે યાત્રા થશે. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થશે. આપની નવી યોજનાઓનું આયોજન થશે. વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે.

**સિંહ** : વેપાર- રોજગારમાં સમસ્યાઓ ઊભી હોવા છતાં આપના કાર્યો પૂર્ણ થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. ધાર્મિક-આધ્યાત્મિક કાર્યમાં સમય પસાર થશે .

**કન્યા** : કુટુંબમાં ઉત્સવ સંબંધી વિશેષ આયોજનનો થશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આજે પ્રાપ્ત થઈ શકે છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

**તુલા** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. પ્રયત્નોનો ફળ તુરંત પ્રાપ્ત થઈ શકશે. દુસ્સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજનાઓ બનશે. તમારા અટવાયેલા કાર્યો સમય પર પૂરા કરી શકશો. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે.

**ધન** : અચાનક ધન પ્રાપ્તિના કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મકર** : ગહન શોધના કાર્યોમાં સમય પસાર થશે. સ્થાયી મિલકતની ખરીદી-વેચાણ થઈ શકે છે. જૂના કાર્યોનું પરિણામ આજે પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવાઓ છે. શાસનથી વિશેષ લાભ.

**મીન** : તમારા કાર્યોની સમાજમાં માન-સન્માન અને પ્રસંશામાં વધારો થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદો વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસ થવાની સંભાવનાઓ છે.

### ચિરવિદાય

- સ્વ. સુરેન્દ્રસિંહ શામળસિંહ વાઘેલા (ઉ.વ.૨૮) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મધુબેન મહાદેવભાઈ પટેલ (ઉ.વ.૯૧) પ્લોટ નં. ૧૨૮/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. દીપીકાબા વિષ્ણુજી વાઘેલા (ઉ.વ.૨૩) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીભાઈ આત્મારામભાઈ પરમાર (ઉ.વ.૫૬) ૨૩/બી, મૂલચંદ પાર્ક મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીવરામભાઈ અરજણભાઈ મોકાણી(ઉ.વ.૯૦) પ્લોટ નં. ૧૩૪૬/૨, સેકટર-૨/બી,ગાંધીનગર.